सत्यमेव जयते

**મહે. અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,મુ.દેવગઢ બારીઆ.**

**–:: ફોજદારી કેસ નંબર : ૭૬૨/૨૦૨૬ ના કામે આંક–૧ લગત હુકમ ::–**

આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતાં આરોપી ચાર્જશીટ સાથે રજુ થતા આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેને પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ. ત્યારબાદ આરોપીએ કબુલાત પુરસીસ આપી તેઓ સામેનો ગુનો કબુલ હોવાનું જણાવે છે. આરોપીને બચાવ કરવા માગે છે તે અંગે પ્રશ્ન પુછતાં આરોપીએ પોતાની સામેનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને તે સાથે ગુનો કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરે છે અને ફરીથી ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. આરોપી ગુનાની કબુલાત કરવા બંધાયેલ નથી તેમ ગુનાની સજાની જોગવાઈ સમજાવવા છતા કબુલાતને વળગી રહેલ છે જે ન માનવાને કોઈ કારણ નથી.

આમ કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો તેની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા પુરતા અને વ્યાજબી કારણો હોય કેસના સંજોગો ધ્યાને લઈ કાયદામાં કરેલ જોગવાઈથી ઓછી સજા અને દંડ કરી શકાય છે, હાલના કેસના સંજોગો તથા રેકર્ડ જોતા આરોપીને જો કાયદા અનુસાર સજા કરવામાં આવે તો આરોપી રીઢા ગુનેગારના સંપર્કમાં આવે તો તેના જીવન ઉપર વિપરીત અસર થાય તેમ છે તેમજ આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને ગુનો કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરે છે અને ફરીથી ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. તેમજ આરોપીની સામાજીક આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઈ આરોપીને પુરેપુરી સજા નહી કરતા ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ સચવાય તેવું જણાતું હોઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**––૦( આ ખ રી હુ ક મ )૦––**

આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૫ અન્વયે ઉપરોક્ત ગુન્હા માટે તકસીરવાન ઠરાવી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૫ હેઠળ રૂ. ૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) નો દંડ ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.–૧૧ મી, માહે– જુલાઈ સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ– ૧૧/૦૭/૨૦૨૬**
**સ્થળઃ – દેવગઢ બારીયા.**

**( સંજયકુમાર ઓ. ગર્ગ )**
**અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**દેવગઢ બારીયા, જી.દાહોદ.**
**કોડ નં. જીજે૦૧૭૩૮.**